RNI No.: GUJGUJ/2015/65690


ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૪ | ઓકટોબર - ૨૦૨૪ | કિંમત: ૧૦/-

## દિપાવલી વિશેષાંક





મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

# સંભુક ઊર્જા

## દ્વારા
## માતા નવદુર્ગાની કૃપા
## અને
## આશીર્વાદ પ્રાપ્ત કરવા
## નવરાત્રિના
## પ્રથમ દિવસથી
## શરૂ થનાર



સદ્‌ગુરુ ૐઋષિની પાવનનિશ્રામાં શીખવવામાં આવનાર

# ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના

નવરાત્રિના પાવન અવસરે દરેક ભક્તજન માતાની કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ કરવા માટે આતુર હોય છે. આજે આપને ખૂબ જ રહસ્યમય અને આપને આનંદિત કરી શકે એવા ''સંભુક ઊર્જા''ની વાત કહેવા માંગુ છું.

મનુષ્યનું અવતરણ પ્રથમ વખત જ્યારે આ પૃથ્વી ઉપર કરવામાં આવ્યું ત્યારે મનુષ્યની ઓરામાં દેવી પાર્વતીના તપ-સાધનાથી સર્જિત થયેલી ''સંભુક ઊર્જા'' પણ ૧% જેટલી મુકવામાં આવી. ''સંભુક ઊર્જા'' મુકવા પાછળનું રહસ્ય એ હતું કે મનુષ્ય એ ઊર્જાનો ઉપયોગ કરીને દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકે અને ધરતી ઉપર પડતા કષ્ટનું સમાધાન દૈવી શક્તિના માધ્યમથી પ્રાપ્ત કરી શકે, પરંતુ લાખો વર્ષનો સમય પસાર થતાં ઋષિમુનિઓએ ''સંભુક ઊર્જા'' વિશે જે જનમાનસને શાસ્ત્રને માધ્યમથી સમજૂતી આપી હતી એ વાત લુપ્ત થઈ ગઈ અને ''સંભુક ઊર્જા''નો ઉપયોગ કરવાનું માણસ જે સતયુગમાં ખૂબ જ કરતો હતો એ કળિયુગ આવતા-આવતા સાવ ભૂલી ગયો.

હું આજે આપને આ વાત એટલા માટે કહી રહ્યો છું કે ''સંભુક ઊર્જા''નો ઉપયોગ કરી આપ પણ દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકો. દેવી પાર્વતીની તપ-સાધનાથી સર્જિત આ ઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો એ ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધનામાં ગુરુજી દ્વારા શીખવવામાં આવશે. સંભુક ઊર્જા એ આપને માતાની દિવ્ય ચેતના સાથે ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધનાના માધ્યમથી જોડાણ કરાવી શકશે. માટે ગુરુજી ૐ શ્રી દશ મહાવિદ્યા મહાસાધના શીખવાડવાની શરૂઆત નવરાત્રિના પ્રથમ દિવસથી કરી રહ્યા છે.

આપ સૌ ભક્તજનો ગુરુજીની પાવનનિશ્રામાં આ દુર્લભ અને અલભ્ય મહાસાધનામાં જોડાવાનો લાભ ચૂકશો નહિ.

ખાસ નોંધ : આ મહાસાધના ગુરુજીની પાવનનિશ્રામાં ખૂબ જ મર્યાદિત ભક્તસમૂહમાં કરાવવામાં આવશે.

**શુભ તારીખ**
૩ - ૧૦ - ૨૦૨૪, ગુરુવાર

**શુભ સમય**
સાંજે ૪ થી ૬ કલાકે

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

વધુ માહિતી તથા રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર : 9376334289

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ઓક્ટોબર -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૪
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપ સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન. આપ સર્વ ભક્તજનોનું વિક્રમ સંવત ૨૦૮૧નું નવું વર્ષ ખૂબ જ આનંદસભર પસાર થાય તેવી શુભેચ્છા. બ્રહ્માંડનો અણુએ અણુ મંત્ર સાથે અભિન્ન રીતે જોડાયેલ છે. પ.પૂ. ગુરુજી દ્વારા પ્રદાન કરવામાં આવતા મંત્રો, સાધનાઓ આપ સૌ નિયમિત કરો છો અને તેના ચમત્કારના આપ સૌ સાક્ષી પણ છો.

પરમ પૂજ્ય ગુરુજી દ્વારા રચિત ચાલીસાઓ એ એવી અદ્‌ભૂત રચના છે કે જેના પઠન, લેખન, અનુષ્ઠાનથી કોઈપણ કષ્ટ કે પીડામાંથી મુક્તિ મેળવી શકાય છે. મંત્રોની શક્તિને જાણવી અને મંત્રજાપ દ્વારા જીવનને શ્રેષ્ઠ બનાવવું એ પણ મનુષ્યનું પુનિત કર્તવ્ય જ ગણાય. પરમ પૂજ્ય ગુરુજીનું એક સૂત્ર છે કે “આ ધરતી ઉપર ચાંદ સૂરજ રહેશે ત્યાં સુધી એમના દ્વારા રચિત મંત્રો, ચાલીસાઓ, શ્રી કૃષ્ણ બાવની, ૐ શ્રી ૨૪ તીર્થંકર સિદ્ધ બાવની અને સાધનાઓ દરેક મનુષ્યના જીવનમાં એક સર્વશ્રેષ્ઠ દુ:ખહર્તા બનીને રહેશે.”

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

## ‘સફર’

**અમથા નથી જ પહોંચ્યા કંઇ ટોચ પર અમે,**
**ખેડી છે આગથી પણ અઘરી સફર અમે ;**
**એથી જ છે ખુશહાલી પ્રત્યેક ઇન્ટમાં,**
**પ્રસ્વેદ સીંચી સિંચી બાંધ્યું છે ઘર અમે ;**
**પગપાળા ચાલી ચાલી કંઇ ગામડાઓ ખુંદી,**
**જાતે વસાવ્યું છે આ ખુદનું નગર અમે ;**
**પીવડાવ્યું હોય ખોબો પાણીય ભર તરસમાં,**
**રાખી છે બધાંની હરદમ ખબર અમે ;**
**સંઘર્ષને જ માન્યો છે મંત્ર જિંદગીનો,**
**સંઘર્ષની કરી છે હરદમ કદર અમે.**

પૂજ્ય ગુરુદેવની દિવ્ય કૃપા દષ્ટિ તેમજ તેમણે પ્રદાન કરેલ મંત્રજાપ દ્વારા આપ સૌનું જીવન શ્રેષ્ઠ બને તેમજ આપ સૌ પ્રગતિના પંથે અવિરત આગળ વધતા રહો એવી પૂજ્ય ગુરુદેવનાં શ્રીચરણોમાં મારી અભ્યર્થના...

તંત્રી,
કિંજલભાઈ શાહ



# વિક્રમ સંવત ૨૦૮૧માં રાશિ મુજબનું ભવિષ્ય ફળકથન અને દરેક રાશિ માટેના કષ્ટનિવારક ચમત્કારિક મંત્રો

## મેષ (અ.લ.ઇ.)

આ વર્ષ આપના માટે મિશ્ર ફળદાયી રહેશે. ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારો થાય. કોર્ટ-કચેરીના કાર્યો પાછળ વધુ ખર્ચ થાય. નોકરિયાતોને બઢતી અંગેના યોગ બને. પરિવારની જવાબદારી ઓછી થતી જણાય. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ સારા બને. પેટ-આંતરડા કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફોથી સાચવવું.

ધંધામાં પ્રગતિની સારી તક મળે પણ સાથે આર્થિક સંકળામણનો પણ સામનો કરવો પડે. સ્ત્રીઓને કૌટુંબિક આર્થિક દૃષ્ટિએ સારું રહેશે. વડીલોપાર્જિત ધનસંપત્તિની પ્રાપ્તિ થાય. રાજકીય ક્ષેત્રે કાર્યકર્તાઓ માટે આ સમય અનુકૂળ નથી. દગાબાજી અને પરેશાનીઓથી સાવચેત રહેવાની સલાહ છે.

વિદ્યાર્થીઓને ઉચ્ચ ડિગ્રી પ્રાપ્તિ માટે પ્રયત્નો ઓછા પડતા જણાય. મહેનતનું ફળ મળવામાં વિલંબ થાય. વિદેશ ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સમય ઉત્તમ છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ વાવલ્ય લક્ષ્મીતાની નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ કાવિકા વીદાત નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ મહાદેવી વિદ્યાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**



॥ ૐ નમઃ ॥

## વૃષભ (બ.વ.ઉ.)

વૃષભ રાશિના જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિની નવી દિશાઓ મળશે તથા આકસ્મિક ધનલાભ થાય. નવા મકાન-વાહનની ખરીદી થાય.સામાજિક યશ-પ્રતિષ્ઠામાં વધારો થાય. નવી ભાગીદારી માટે અનુકૂળતા રહે. પરિવારમાં વડીલોનો સાથ સહકાર મળે. સંતાનના ભાગ્યથી વિશેષ ઉન્નતિ મળે. કોર્ટ-કચેરીની કાર્યોમાં સફળતા મળે.

નોકરિયાતવર્ગને બઢતી થવાના યોગ છે. ભાગ્યમાં આવેલી તકો ઝડપી લેવી, વિલંબ કરવો નહિ. વિદેશ જવાના યોગ બને. હિત-શત્રુઓથી સાવચેત રહેવું. માથાનો દુઃખાવો, ગેસ, બ્લડપ્રેશર કે હાર્ટસંબંધી તકલીફવાળાઓએ કાળજી રાખવી. આરોગ્યની બાબતે એકંદરે સારું રહે. શેર-સટ્ટાકીય કાર્યોમાં ગણતરીપૂર્વક કામકાજ કરશો તો સારી સફળતા મેળવશો. દામ્પત્યજીવનમાં મનમેળ સારો રહે. વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય.

વિદ્યાર્થીઓને અનેક અવરોધો છતાં સફળતા સારી મળશે. મિત્રો પર ભરોસો રાખવો નહિ. ઉચ્ચ કક્ષામાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે, ધાર્યું પરિણામ ચોક્કસ મળી શકશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ સૂર્યલક્ષ્મીદેવી નમો નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ કાર્યતા વીદામ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનદેવી શક્તિદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મિથુન (ક.છ.ઘ.)

આ વર્ષની શરૂઆતમાં સંતાનની પ્રગતિ થાય. આર્થિક જવાબદારીમાં વધારો થશે પણ પૂર્ણ કરી શકશો. પોતાના અંગત વ્યક્તિ દ્વારા વિશ્વાસઘાતના યોગ છે માટે સાચવવું. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો થાય. લગ્નઈચ્છુકો માટે આ સમય આશાસ્પદ છે. શેર-સટ્ટાકીય કાર્યોમાં મૂડીરોકાણ કરતા પહેલા સંભાળવું. આંતરિક માનસિક ચિંતા તમારી ધીરજ ખૂટવાડશે પરંતુ તમારે કોઈપણ કાર્ય ધૈર્ય રાખીને પાર પાડવાનું રહેશે.

ધંધામાં સાહસિક કાર્યો વધુ મહેનત સાથે સફળતા ચોક્કસ અપાવશે. થોડા ઉતાર-ચઢાવ આવશે પરંતુ ભાગ્યવૃદ્ધિ અને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. કાનૂની કાર્યવાહી કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ પરિશ્રમની સાથે-સાથે ખૂબ પ્રગતિકારક રહેશે. તમે પુરુષાર્થનું યોગ્ય ફળ મેળવી શકશો. ઉચ્ચ ડિગ્રી માટે વિદેશ ભણવા જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ વજીકા લક્ષ્મીતા નમઃ ॥**

**॥સ્ત્રી : ॥ ૐ સિદ્ધિતા વાવલ્ય નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ વામદેવી જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કર્ક (ડ.હ.)

કર્ક રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ મિશ્ર ફળ આપનારું રહેશે. ધંધાકીય વિકાસ કરી શકો પરંતુ સાથે આપને વિઘ્નોનો સામનો કરવો પડે. કૌટુંબિક જવાબદારી વધે. નોકરિયાત વર્ગને પ્રમોશનના સારા ચાન્સ મળે. આવકમાં વધારો કરવાના તમારા પ્રયત્નો સફળ થાય. રાજકીય કાર્યકર્તાઓને મહેનત પરિશ્રમ વધુ છતાં સફળતા નહીંવત મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં  અવરોધો-રૂકાવટો બાદ સફળતા પ્રાપ્ત થાય. કોઈપણ સાહસિક કાર્યોથી દૂર રહેવું.

વડિલોપાર્જીત મિલકતના નિરાકરણ માટે સમય સારો નથી. શેર-સટ્ટાકીય કાર્યોમાં બહુ લોભ કરવો નહિ. ભાગીદારીના કામકાજમાં દગો થવાની શક્યતા છે. સ્વાસ્થ્ય સંબંધી કોઈપણ તકલીફ થાય તો તેમાં તરત જ કાળજી લેવી. લખાણ-દસ્તાવેજના કાર્યોમાં સાચવવું. વાહન અકસ્માતથી સાચવવું.

વિદ્યાર્થીઓએ આ વર્ષે અભ્યાસમાં ખૂબ જ ધ્યાન આપવું. આપને નિરાશા-હતાશાનો સામનો કરવો પડે પણ હાર્યા વગર મહેનત કરશો તો ઉત્તમ પરિણામ મેળવી શકાશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ સૂર્યતા લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વાજીતા કાર્યલક્ષ્મીદેવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ વાજમ જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર 3 (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## સિંહ (મ.ટ.)

આ વર્ષ આપને સારું ફળ આપનાર સાબિત થશે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો સારા થાય. સામાજિક સંબંધમાં તિરાડ ના પડે તે સાચવવું. આર્થિક અર્થ ઉપાર્જન માટેના પ્રયત્નો સફળ નીવડે. શારીરિક તકલીફોથી સાચવવું. વડીલવર્ગનો સાથ સહકાર સારો મળે. ધંધાકીય મુશ્કેલીઓ દૂર થાય. ઉઘરાણીના કાર્યોમાં સફળતા મળે. ભાગીદારોના વ્યવસાયિકો માટે લાભદાયી રહે. નવી ભાગીદારીની તકો આવે. દામ્પત્યજીવનમાં ઊભી થયેલી ગૂંચવણો દૂર થાય.

કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. ભાગ્યવૃદ્ધિની તકો ઉજળી થતી જણાય. સ્થાવર-મકાન મિલકત અંગેના કામકાજ માટે સમય સારો છે. નવા વાહનની ખરીદી કરી શકાય. રાજકીય અને સામાજિક કાર્યકર્તાઓને યશ-કીર્તિ મળે. સંતાનોની પ્રગતિ આપને આનંદ આપશે. વિદેશ જવા ઈચ્છનાર માટે અનુકૂળ સમય છે. શેર-સટ્ટાકીય કામકાજથી ફાયદો થાય. નોકરિયાતોને પ્રગતિ થાય અને આવકમાં વધારો થાય.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું છે. વિદેશ ભણવા જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. મહેનત-પરિશ્રમના પ્રમાણમાં ધાર્યું પરિણામ મળે. ડિગ્રી પ્રાપ્તિમાં અવરોધો અને મુશ્કેલી આવે પરંતુ બુદ્ધિપૂર્વકનું આયોજન સફળતા ચોક્કસ અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીદેવી વામજ નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ પ્રવાતીકા કાર્યતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ મહાશક્તિ સરસ્વતીદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર 3 (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કન્યા (પ.ઠ.ણ.)

કન્યા રાશિના જાતકોનું આ વર્ષ મિશ્ર પસાર થશે. ધંધામાં ઉતાર ચડાવ આવ્યા કરે. વેપારીવર્ગે મોટા મૂડીરોકાણથી બચવું જોઈએ. શેરસટ્ટામાં કર્જ ના થાય તેનું ધ્યાન રાખવું. ભાડાની કે વ્યાજની આવક ધરાવતા લોકોએ સાવધાની રાખવી. આરોગ્ય પ્રત્યે લાપરવાહી રાખવી નહિ. વર્ષના મધ્યના સમયમાં આર્થિક સફળતા અને પૈસાની સગવડનો અનુભવ થાય, પરંતુ સમજી વિચારીને નિર્ણય લેવામાં ન આવે તો નુકસાની થશે. આ વર્ષ દરમ્યાન લોન કે દેવું કરવું નહિ. ખોટી લાલચ અને મોહમાં ફસાઈ ના જવાય તેની કાળજી રાખવી.

સરકારી કે અર્ધસરકારી કર્મચારીઓએ ખૂબ જ સાવચેતી રાખવી. કોઈપણ રાજકીય લોકોનો હાથો ના બની જાઓ તેનો ખ્યાલ રાખવો. વાહન ચલાવવામાં સાવધાની રાખવી. નવા સાહસો કે પ્રયોગો સમજી વિચારીને કોઈ જ્ઞાનીની સલાહથી કરવા. દામ્પત્યજીવનમાં સુમેળભર્યા સંબંધો રહેશે. કોર્ટ કેસમાં વિજય પ્રાપ્ત થશે. અણધાર્યા લાભ થશે. સંતાન ઈચ્છુક માટે ઉત્તમ સંતાનયોગ બને. વિદેશ ફરવા જવાના યોગ છે.

વિદ્યાર્થીઓને વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થશે. મક્કમ મનોબળ રાખીને મહેનત કરશો તો ઉત્તમ પરિણામ અવશ્ય પ્રાપ્ત થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ વામજ લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ દાવીકા કાર્યવી નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ પ્રજાતી જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## તુલા (ર.ત.)

તુલા રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ખૂબ જ સારું પસાર થશે. ધંધામાં આપને અણધારી સફળતા મળશે. શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી તમને શ્રેષ્ઠ નફો મળશે. પ્રોપર્ટી, વીમા કંપની, બેન્કિંગ ક્ષેત્રોમાં ખૂબ કમાણી થશે. એક્સપોર્ટ-ઈમ્પોર્ટના વ્યવસાયવાળા માટે આ સમય ફાયદાકારક છે.

વૈભવશાળી જીવન જીવી શકશો. ખર્ચમાં પણ વધારો થશે. સ્વાસ્થ્યની દષ્ટિએ થોડી નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે, પરંતુ એકંદરે સારું રહેશે. પારિવારિક જીવન ખૂબ જ સુખી રહેશે. નોકરિયાત વર્ગને બદલી અને સારા પ્રમોશન સાથે સારો પગાર મળશે. કોઈપણ પ્રકારના કપટ કે અસત્યથી બચવું. કેટલાંક મહત્ત્વના કાર્યો પૂર્ણ થાય. સંતાનોની પ્રગતિથી આપને આનંદ રહેશે. વિદેશ ફરવા જવાના યોગ બને.

વિદ્યાર્થીવર્ગને આ વર્ષે અભ્યાસમાં ધારેલું પરિણામ મળશે. આપના આત્મવિશ્વાસ સાથે સમયને સદ્ઉપયોગ કરશો તો અણધારી સફળતા મળશે. માસ્ટર કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક છે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ત્રુશીમા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રાદત કારીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનત્ય સરસ્વતીદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## વૃશ્ચિક (ન.ય.)

આ વર્ષ આપનું મધ્યમ પસાર થશે. રાજકીય કાર્યકર્તાઓ માટે આ સમય થોડો કષ્ટદાયક રહેશે. શત્રુઓ કે હરીફોથી સાવધાન રહેવું. નોકરિયાતવર્ગને નોકરીમાં ઉપરી અધિકારીઓ દ્વારા થતા કામના પ્રેસરનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ જણાય. શેરસટ્ટામાં ક્યાંક પૈસા ડૂબી ના જાય તેનું ધ્યાન રાખવું, નહિતર મોટું આર્થિક નુકસાન ભોગવવું પડશે. અટકેલી ઉઘરાણી પરત આવવાના યોગ પ્રબળ છે. કોર્ટ કેસ ચાલતો હોય તો એમાં એ કામમાં સજાગ રહેવું. આ વર્ષ દરમ્યાન આર્થિક તકલીફનો સામનો કરવો પડે.

વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં સફળતા મળશે. ધંધાકીય મુસાફરી લાભદાયી નીવડે. આ વર્ષ દરમ્યાન લોન લેવાનું ટાળવું. આરોગ્ય બાબતે બેપરવાહ ન રહેવું. દામ્પત્યજીવનમાં થોડો ખટરાગ રહે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ વધુ મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરાવશે. ખરાબ સંગતથી દૂર રહેવું. આપનું વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ પ્રજામવ લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સતીકા લક્ષ્મીકા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કાર્યતા જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## ધન (ભ.ફ.ધ.ઢ.)

ધન રાશિના જાતકોનું આ વર્ષ ઉત્તમ પસાર થશે. આ સમયનો પુરુષાર્થ નવીન પ્રેરણા અપાવશે. માતા તરફથી લાભ થાય. આર્થિક ભૌતિક સુખમાં વધારો થાય. જમીન-મકાન, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, કાપડનો ધંધો, ખાદ્યપદાર્થના ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષ આર્થિક ઉન્નતિ અને પ્રગતિકારક સાબિત થશે. શેરબજારના ધંધામાં અણધાર્યો ફાયદો થશે. નોકરિયાતોને તેમના ક્ષેત્રમાં ઉચ્ચ પદ કે હોદ્દો મળશે. કોર્ટ-કચેરીના કાર્યોમાં આપની તરફેણમાં ફેસલો આવવાની શક્યતા છે.

લોખંડ અને પ્લાસ્ટિકના ધંધામાં માલનો ભરાવો કરવો નહિ. કારીગરવર્ગની થોડી પરેશાનીનો સામનો કરવો પડે. બહારગામ કે વિદેશ ફરવા જવાના યોગ છે. પતિ-પત્નીના સંબંધમાં મીઠાશ રહેશે. વાહન લેવાની ઈચ્છા પરિપૂર્ણ થશે. આરોગ્યની બાબતે આ વર્ષે નાની-નાની મુશ્કેલીઓ રહેશે પરંતુ એકંદરે સારું રહેશે.

વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય રહેશે. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ થશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીતા વાજમ નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સૂર્યતા દિવ્યમ્ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ પ્રવીતા વામ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મકર (ખ.જ.)

આ વર્ષ આપનું મધ્યમ અને થોડું સંઘર્ષમય પસાર થશે. ધંધા-વ્યવસાયમાં આર્થિક તકલીફનો સામનો કરવો પડે અને ધીમી ગતિએ સફળતા પ્રાપ્ત થાય. ધીરધારનો ધંધઓ કરનારે સાવધ રહેવું. શેર-સટ્ટાકીય કાર્યોમાં ગણતરીપૂર્વક કામકાજ કરશો તો સારી સફળતા મેળવશો. અટકેલી ઉઘરાણી પરત આવવાના યોગ પ્રબળ છે. કોર્ટ કચેરીના કામમાં અણધારી સફળતા મળવાના યોગ પ્રબળ છે.

નોકરિયાતવર્ગને નોકરીમાં ઉપરી અધિકારીઓ અને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. માનસિક અશાંતિ રહેશે પરંતુ આપ ધીરજ અને સહનશીલતા રાખશો તો કામમાં સફળતા જરૂર મળશે. વારસાકીય સંપત્તિ મેળવવાના યોગ બને. પારિવારિક અનેક ઘટનાઓ તમને વિચલિત કરશે. શારીરિક નાની-મોટી તકલીફો રહે. સંતાનોના પ્રશ્નો હલ થતા જણાય.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ વધુ મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરાવશે. ખરાબ સંગતથી દૂર રહેવું નહીં તો આપનું લક્ષ્ય પાર પડશે નહિ.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ત્રજમ લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રાવીતા વતમ્ય નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કુર્વાકીતા જ્ઞાન નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કુંભ (ગ.શ.ષ.)

કુંભ રાશિના જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. દલાલીના ધંધામાં લાંબાગાળે પણ સફળતા અચૂક મળશે.વાહન અકસ્માતથી સાવધ રહેવું. આર્થિક બાબતે ધનવ્યયના યોગો છે પરંતુ નાણાંકીય તકલીફ રહેશે નહિ. કોઈની સાથે વાદવિવાદ કે ગેરસમજ ઊભી થવાના યોગ છે. ધંધા-વ્યવસાયક્ષેત્રે પ્રગતિ થાય. વિદેશ જવાના યોગ પ્રબળ છે. સંતાનોના વિકાસ માટે સારી તક મળે.

જમીન-મકાન, કન્સ્ટ્રક્શનના ધંધામાં અણધારી સફળતા મળવાના યોગ પ્રબળ છે. પ્રાઈવેટ ક્ષેત્રમાં જોબ કરતા લોકો માટે આર્થિક સ્થિતિ મૂંઝવણભરી રહેશે. કોર્ટ-કચેરીના અટકેલા કામો પરિપૂર્ણ થશે. ફસાયેલા નાણાં પરત આવે. આરોગ્ય બાબતે આ વર્ષ એકંદરે સારું છે. સ્ત્રીઓને એમની જવાબદારીમાંથી જાન્યુઆરી-૨૦૨૫ પછી થોડી રાહત થશે. યાત્રા-પ્રવાસો થાય અને એનાથી મન પ્રફુલ્લિત રહે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું પસાર થાય. અભ્યાસ સાથે નોકરી કરતા વિદ્યાર્થીઓને વધુ સાવચેતી રાખવાની જરૂર છે. ભણવામાં મન પરોવી શકો. આપની તનતોડ મહેનત આપને અણધારી સફળતા અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ પ્રશીમાતી લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ ત્રીવાલ્ય વદમ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કાર્યતા જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મીન (દ.ચ.ઝ.થ.)

મીન રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ ફળદાયી રહેશે. સામાજિક તેમજ કૌટુંબિક ક્ષેત્રે માનહાનિ થતી જણાય. તમારા અંગત વ્યવહાર સંબંધી સાથે ગેરસમજ ઊભી થવાના યોગ બને. ભાગ્યવૃદ્ધિમાં અડચણો અનુભવાય. ધંધાકીય ઉઘરાણી લાંબાગાળે પરત મળે. ધંધામાં નવા સાહસ સમજી વિચારીને કરવા નહીં તો મોટું નુકસાન થવાની સંભાવના છે. આર્થિક સંકડામણ છતાં સંકટ મુશ્કેલીમાંથી બહાર નીકળી શકશો. નોકરિયાત વર્ગને સહકાર્યકરોનો સાથ સહકાર સારો રહેશે તેમજ બઢતી થવાની શક્યતા નકારી શકાય એમ નથી.

રાજકીય કાર્યકર્તાઓ માટે આ સમય તેમને સફળતા અપાવે એમ છે. માનસિક ટેન્શનના કારણે શારીરિક તકલીફ રહે. વારસાગત મિલકત મળવાના યોગ પ્રબળ છે. યાત્રા-પ્રવાસ કષ્ટદાયી નીવડે. સંતાન સાથે વૈચારિક મતભેદ રહે. પડવા-વાગવા કે અકસ્માત સંબંધી તકલીફોથી સાચવવું. ઉતાવળીયો કોઈપણ નિર્ણય તમારા માટે યોગ્ય નથી.

વિદ્યાર્થીઓને આ વર્ષ મહેનત-પરિશ્રમના પ્રમાણમાં ઓછું ફળ આપનારું સાબિત થશે. ભણવામાં આળસ છોડીને મહેનત કરવાની જરૂર છે. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ ન થાય.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૧ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૪ થી દિવાળી ૨૦૨૫ સુધી)**

**પુરૂષ : ॥ ૐ નાવીન્ય લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ નાવીન્ય વામ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કપીકા જ્ઞાન નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઇબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"

સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# દિવાળીના શુભ મુહૂર્તો (સં.૨૦૮૦ ઇ.સ.૨૦૨૪)

## સંવત ૨૦૮૦માં નવા ચોપડા ખરીદવાના અને નોંધાવવાના શુભ મુહુર્તો





(૧) આસો સુદ-૮, શુક્રવાર, તા.૧૧-૧૦-૨૦૨૪
સવારે ૮-૦૮ થી ૧૦-૫૫ કલાક
બપોરે ૧૨-૨૪ થી ૧૩-૫૦ કલાક
સાંજે ૧૬-૪૪ થી ૧૮-૧૪ કલાક

(૨) આસો સુદ-૯, શનિવાર, તા.૧૨-૧૦-૨૦૨૪
સવારે ૮-૧૦ થી ૯-૩૩ કલાક
બપોરે ૧૨-૨૮ થી ૧૬-૪૫ કલાક
સાંજે ૧૮-૧૪ થી ૧૯-૪૭ કલાક

(૩) આસો વદ-૮, ગુરૂવાર, તા.૨૪-૧૦-૨૦૨૪
સવારે ૬-૪૫ થી ૮-૦૬ કલાક | સવારે ૧૦-૫૬ થી ૧૫-૧૨ કલાક
સાંજે ૧૬-૪૪ થી ૨૧-૧૨
ચોપડા લાવવા અને સોનુ-ચાંદી લાવવા માટે શુભ.

## ધનતેરસ - ધન પૂજન - લક્ષ્મીપૂજન - કુબેરપૂજનના શુભ મુહૂર્તો તેમજ



**આસો વદ-૧૨, મંગળવાર, તા.૨૯-૧૦-૨૦૨૪**

સવારે ૯-૩૬ થી ૧૩-૪૫ કલાક | બપોરે ૧૫-૧૫ થી ૧૬-૩૪ કલાક
સાંજે ૧૯-૩૬ થી ૨૧-૧૦ કલાક

## કાળીચૌદશ - કાળીપૂજા - ચંત્રપૂજાના શુભ મુહૂર્તો







**આસો વદ-૧૩, બુધવાર, તા.૩૦-૧૦-૨૦૨૪**

સવારે ૧૦-૫૬ થી ૧૨-૨૨ કલાક | બપોરે ૧૫-૧૬ થી ૧૮-૦૦ કલાક
સાંજે ૧૯-૩૫ થી ૨૨-૪૫ કલાક

## ધનલક્ષ્મી-ચોપડા-શારદાપૂજનનાં શુભ મુહૂર્તો દિવાળી-દિપાવલી-લક્ષ્મી-શારદા ચોપડા પૂજન





**આસો વદ-૧૫, શુક્રવાર, તા.૧-૧૧-૨૦૨૪, દિવાળી-દિપાવલી**

સાંજે ૧૭-૩૮ થી ૧૮-૧૪ કલાક

## બેસતુંવર્ષ સં.૨૦૮૦માં ધંધો-વેપાર-દુકાન-પેઢી ખોલવાના શુભ મુહૂર્તો

(૧) કારતક સુદ-૧, શનિવાર, તા.૨-૧૧-૨૦૨૪, બેસતુંવર્ષ-નૂતનવર્ષ
સવારે ૮-૧૪ થી ૯-૩૩ કલાક | બપોરે ૧૨-૨૫ થી ૧૩-૪૬


(૨) કારતક સુદ-૨, રવિવાર, તા.૩-૧૧-૨૦૨૪
સવારે ૮-૧૪ થી ૧૨-૨૧ કલાક

(૩) કારતક સુદ-૩, સોમવાર, તા.૪-૧૧-૨૦૨૪
સવારે ૬-૫૦ થી ૮-૦૧ કલાક

(૪) કારતક સુદ-૫, બુધવાર, તા.૬-૧૧-૨૦૨૪
સવારે ૬-૫૩ થી ૯-૩૪ કલાક | સવારે ૧૧-૦૩ થી ૧૨-૨૨ કલાક



## લાભપાંચમ-જ્ઞાનપંચમીના શુભ મુહૂર્તો



**કારતક સુદ-૫, બુધવાર, તા.૬-૧૧-૨૦૨૪, લાભપાંચમ-જ્ઞાનપંચમી**

સવારે ૬-૫૩ થી ૯-૩૪ કલાક | સવારે ૧૧-૦૩ થી ૧૨-૨૨ કલાક



# દેવદિવાળી થી દેવદિવાળી સુધી

## ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

દેવદિવાળી એ શ્રેષ્ઠ, દુર્લભ અને કલ્યાણકારી એવું કારતક માસમાં આવતું ભારતીય સંસ્કૃતિનું એક અનેરું મહાપર્વ છે. પૌરાણિક કથા અનુસાર શંખાસુર નામના દૈત્યના ત્રાસથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારતા દુઃખી થયેલા દેવો અંતે ભગવાન વિષ્ણુના શરણે જાય છે અને દૈત્યના ત્રાસથી મુક્ત કરાવવા પ્રાર્થના કરે છે. દેવોને શંખાસુરના ત્રાસથી મુક્ત કરાવવા ભગવાન વિષ્ણુ શંખાસુરની સામે યુદ્ધે ચડયા અને બંન્ને વચ્ચે ધમાસણ યુદ્ધ થયું.

શંખાસુર મહાશક્તિશાળી હતો. શંખાસુર સાથે ભગવાનનું યુદ્ધ પાંચ હજાર વર્ષ સુધી ચાલ્યું અને અંતતઃ અને શંખાસુર માર્યો ગયો. આ દીર્ઘ યુદ્ધના કારણે ભગવાનને અતિશય થાક લાગ્યો હોવાથી ભગવાન વિષ્ણુ શયની એકાદશીએ શેષશૈયામાં પોઢી ગયા. ચાર-ચાર માસ થઇ ગયા તો પણ ભગવાન જાગ્યા નહિ. તેથી દેવોએ ભગવાનને જગાડવા માટે પ્રાર્થના કરી. પ્રાર્થનાના સુરો ભગવાનને સંભળાયા અને ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષશૈયા પરથી જાગૃત થયા અને આમ તુલસીવિવાહ ઉત્સવ થયો, અનેરો આનંદ છવાયો. આ પ્રસંગ 'દેવદિવાળી' તરીકે ઉજવવાની શરૂઆત થઇ.

દેવોની દિવાળી એ વર્ષનું મંગળાચરણ છે. દેવોને પ્રાર્થના કરી વર્ષની શુભ શરૂઆત કરવાથી સર્વ કાર્યોમાં માંગલ્ય આવે છે અને વર્ષના બધાં જ પર્વો મંગલ બને છે. આ દિવસથી શુભ કાર્યો શરૂ થાય છે. 'દેવદિવાળી'ના સંદર્ભમાં એક બીજી પૌરાણિક કથા પણ સંકળાયેલી અને પ્રચલિત છે.

ત્રિપુર નામનો મહાદૈત્ય પ્રયાગક્ષેત્રમાં તપ કરતો હતો. તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એના તપના તેજ અને પ્રભાવથી ત્રિભુવન પણ બળવા માંડયા, એને સંમોહિત કરવા દેવોએ અનેક અપ્સરાઓ મોકલી અને વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તપરવી દૈત્ય ચલિત થયો નહિ અને કામ, ક્રોધ કે લોભને પણ વશ થયો નહિ

અને તેણે બ્રહ્માજીને પ્રસન્ન કરી અમરત્વ માંગ્યું, ત્યારે બ્રહ્માજી બોલ્યા, 'હે વત્સ! કોઇ અમર નથી તો પછી અન્યની તો શી વાત કરવી? શરીર ધારીઓ માટે મરણ અનિવાર્ય છે એટલે મારી પાસેથી અન્ય વરદાન માંગી લે.'

ત્રિપુર બોલ્યો : 'હે પિતામહ! દેવથી, મનુષ્યથી, રાક્ષસથી, સ્ત્રીઓથી કે રોગથી મારું મૃત્યુ થાય નહિ એવું મને શ્રેષ્ઠ વરદાન આપો.' ત્યારે 'તથાસ્તુ' કહીને બ્રહ્મદેવ સત્યલોકમાં ગયા. ત્રિપુરાસુરને વરદાન પ્રાપ્ત થયું છે એ સમાચાર સાંભળી અનેક દૈત્યો એની પાસે આવ્યા. ત્રિપુરાસુરે દૈત્યોને આદેશ આપ્યો કે, 'આપણા વિરોધી દેવોને હરાવી નાખો. એમ ન થાય તો એમની પાસેની સર્વોત્તમ વસ્તુઓ છીનવી લો અને મને સમર્પિત કરો.' દૈત્યરાજ ત્રિપુરની આજ્ઞા થતાં સર્વ દૈત્યોએ સર્વ દેવોને, સર્પોને અને યક્ષોને બંદીવાન બનાવી ચોતરફ હાહાકાર મચાવી દીધો.

વિશેષમાં ત્રિપુરના વચનોને અનુસરતા વિશ્વકર્માએ ત્રિપુરની રચના કરી. જે તેજ ગતિથી ઉડનારા ધાતુના વિમાન જેવા ત્રણ પુર હતાં. ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઇચ્છાનુસાર વિચરતો અને વિનાશ સર્જતો. દેવો ત્રસ્ત અને લાચાર બન્યા. આગળની કથા અનુસાર ઇન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ તેમજ નારદમુનિનું મિલન થયું. સૌએ શિવજીને મળી ત્રિપુરાસુરના સંહાર માટે તેમનું શરણ સ્વીકાર્યું. દેવર્ષિ નારદજીની માયાથી પ્રેરિત ત્રિપુરાસુરે કૈલાસ પર આક્રમણ કર્યું.

ત્રણ દિવસ સુધી સર્વ એકત્રિત દેવો સાથે ત્રિપુરાસુરે મહાયુદ્ધ કર્યું અને કાર્તિક માસની શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે ભગવાન શિવજીએ એક જ બાણથી ત્રિપુરાસુરને મારી નાખ્યો, એટલે સર્વ દેવો પ્રસન્ન થયા. હર્ષોલ્લાસથી તેઓએ સદાશિવને પ્રસન્ન કરવા દીપ સમર્પિત કર્યા અને દિવાળી જેવો ઉત્સવ પણ ઉજવ્યો. આથી આ દિવસને 'દેવદિવાળી' તરીકે ઓળખવામાં આવે છે.

કાર્તિક પૂર્ણિમા 'દેવદિવાળી' ના દિવસે પરમાત્માનું સ્મરણ કરી દીપદાન કરવાનું વિશેષ મહત્વ છે. એના થકી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે. આ દીપ પ્રાગટ્ય અને તેના દર્શન થકી સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે.

આ તો દેવોના આનંદની વાત થઇ પણ સામાન્ય મનુષ્ય માટે એમ કહી શકાય કે મનુષ્યના મન અને વર્તનમાંથી અસુરભાવ ટળે અને હૃદયમંદિરમાં દૈવીભાવ પ્રગટે- દેવાધિદેવ પ્રગટે તે જ મનુષ્યની દેવદિવાળી. અસુરોરૂપી દોષો ટળે એ દિવાળી અને પરબ્રહ્મ પરમાત્મા ૐકારના દિવ્ય ચૈતન્ય સ્વરૂપે મળે એ દેવદિવાળી.

**ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે અહીં આપેલા દિવ્યમંત્રને આત્મસાત કરો.**

**દિવ્ય મંત્ર**

**॥ ૐ નાવિકા દેવસ્ય ઈન્દ્રાય નમો નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૯ વખત કરવો ત્યારબાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ મંત્ર રોજ આ દેવદિવાળીથી આવતી દેવદિવાળી સુધી કરવો.**

# ધનતેરસ થી ધનતેરસ સુધી ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની સાધનાથી આ વર્ષ દરમિયાન આર્થિક સમસ્યાઓમાંથી મુક્ત થવાની ચમત્કારિક મંત્રસાધના



છેલ્લા પંદર વર્ષથી હું ધનતેરસના પાવન દિવસથી કરવાની લક્ષ્મીદેવીની ૯૯ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું. જેના ચમત્કારિક પરિણામોના આપ સૌ સાક્ષી તેમજ અનુભવ ધરાવનાર રહ્યા છો. આજે આપના જીવનમાં ફરી ખુશીઓ અને આનંદમાં અવિરત વધારો થાય તે માટે દિવ્ય સાધના આપવા જઈ રહ્યો છું. ગયા વર્ષે જે ભક્તે આ દિવ્ય સાધનાનો અદ્‌ભૂત અનુભવ કર્યો એના સાક્ષી બનાવવા પણ આપ સૌને બનાવવા જઈ રહ્યો છું.

વર્ષ-૨૦૨૩ જૂન મહિનામાં રશેસ દેસાઈ મને મળવા માટે આવ્યા હતાં. એક્સપોર્ટ-ઈમ્પોર્ટનો ધંધો કરતા રશેસ દેસાઈનો માલ યુ.કે.ની એક પાર્ટીમાં ફસાઇ ગયો હતો. વેપારી માલ પણ પરત આપતો ન હતો અને પૈસા પણ આપી રહ્યો ન હતો. રશેસ દેસાઈની ખૂબ જ મોટી રકમ આ ધંધામાં ફસાઈ ગઈ હતી.

રશેસ દેસાઈ જ્યારે મને મળવા માટે આવ્યા ત્યારે મેં એમની મુખમુદ્રા અને ઓરા જોઈ **ત્રિશાવલ નામના દોષથી** એ ઘેરાયેલા છે એવું મેં નિદાન કર્યું હતું. **ત્રિશાવલ દોષનો** સૌથી મોટો પ્રહાર એ હોય છે કે બુદ્ધિશાળી માણસને પણ આર્થિક રીતે કર્જામાં સપડાવી દે. જેના કારણે એક મોટા ચક્રવ્યૂહમાં એ વ્યક્તિ સપડાઈ જાય અને આવી જ ઘટના આ દોષના કારણે એમની સાથે થઈ હતી. એમના જીવનમાં પહેલીવાર બનેલી આવી આર્થિક સંકડામણમાં જ્યારે તેઓ મારી પાસે આવ્યા ત્યારે મેં **ત્રિશાવલ દોષના** સમાધાનનો રસ્તો બતાવ્યો અને કઈ રીતે આ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવું એના સાત્વિક વિધિ-વિધાનનું દિશા સૂચન આપ્યું. આ સાથે ધનતેરસથી કરવાની ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની સાધના કરવાનો ઉપાય પણ સૂચવ્યો.

એમના પૂર્ણ વિધિ-વિધાન ચાલુ થયા અને મહિનામાં તો વાટાઘાટો ચાલુ થઈ. પરંતુ વેપારી ટશ નો મશ થતો ન હતો. એ ધરાહાર પૈસા કે માલ બંન્નેમાંથી એકેય વસ્તુ આપવા માટે માનતો ન હતો.

રશેસભાઈ ખૂબ જ મૂંઝાઈ ગયા હતા. એ વખતે મેં એમને દિવાળી નજીક આવી રહી હોવાના કારણે ધનતેરસથી કરવાની ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની સાધના કરવાનો ઉપાય સૂચવ્યો. રશેસભાઈનું મુખ જોતાં મને લાગતું હતું કે એ નિરાશા તરફ જઈ રહ્યા છે અને એમની બધી આશાઓ તૂટી રહી છે. પરંતુ મને કશું કહ્યા વગર એમણે ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની સાધના જે હું દર વર્ષે મેગેઝિનમાં આપું છું એ શરૂ કરી દીધી.

દેવદિવાળીના દિવસે તેઓ મારા આશીર્વાદ મેળવવા પૂનમદર્શને આવ્યા હતાં. એ વખતે એમને મને કહ્યું કે 'ગુરુજી, યુ.કે.નો વેપારી પૈસા આપવા માટે તૈયાર થઈ ગયો છે અને મારા માટે આપના આશીર્વાદ, ધનતેરસની સાધના અને આપે સૂચવેલ વિધિ-વિધાનથી મારું કામ ખૂબ જ સરળ અને સહજ થયું છે. આપે મારા જીવનમાં

સાધનાના માધ્યમથી જે પરિવર્તન લાવ્યું છે તેના માટે હું આપનો ખૂબ જ આભારી છું.'

આપ પણ આપના જીવનમાં કોઈપણ ઉત્તમ પરિણામ મેળવવા માંગતા હોય તો આપની મનોકામનાનો સંકલ્પ કરી ધનતેરસથી કરવાની ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની સાધના અચૂક કરવી.

## ધનતેરસ થી ધનતેરસ સુધી ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની કરવાની દિવ્ય મંત્રસાધનાની માહિતી

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર લાલ કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી શુભલક્ષ્મી ઊર્જાશક્તિ ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં ચોખાની ઢગલી, ચાંદીનો સિક્કો, બે આખી સોપારી અને ૧૦૦રૂા. ની નોટ મુકવી અને તે દરેક ઉપર કંકુનો ચાંલ્લો (સ્થાપન કરો તે વખતે જ કરવો, રોજ કંકુનો ચાંલ્લો કરવાનો નથી) કરવો. રોજ સાધના કરતી વખતે ઘીનો આડી વાટનો દીવો કરવો. ત્યારબાદ નીચે આપેલો દિવ્ય મંત્ર ૮૧ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯૯ દિવસ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૮ થી ૧૧ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કાળા વસ્ત્ર સિવાય કોઈપણ કલરના વસ્ત્ર પહેરવા અને ખભા ઉપર લાલ ખેસ રાખવો. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન ૧૦૦મા દિવસે સવારે ૮ થી ૧૧ માં કરવું. સ્થાપનમાં મુકેલ ચોખા અને બે આખી સોપારી નદીમાં વિસર્જન કરી દેવી તથા ૧૦૦રૂા.ની નોટ, ચાંદીનો સિક્કો અને ચક્ર તિજોરી કે કબાટમાં મુકી દેવું. |

જે ભક્તજનોએ ગઈ વખતનો ચાંદીનો સિક્કો સાચવીને રાખ્યા હોય તેનો આ સ્થાપનમાં ઉપયોગ કરી શકે છે.

આ સાધના ધનતેરસના દિવસથી અથવા આખા વર્ષ દરમિયાન ગમે તે દિવસથી પોતાની મનોકામનાનો સંકલ્પ કરીને કુલ ૯૯ દિવસ સુધી કરવાની હોય છે. સાધના દરમ્યાન કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૧૦૦ દિવસ ગણીને આ સાધના કરવી.

**દિવ્ય મંત્ર : ॥ ૐ ધનત્ય ધનત્ય ધનીતા લક્ષ્મીદેવી નમઃ ॥**



### ૐ શ્રી શુભલક્ષ્મી ઊર્જાશક્તિ ચક્ર






## સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૧૦-૨૪ | સોમવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૨-૧૦-૨૪ | મંગળવાર | ૐ વાવલ્ય |
| ૨૩-૧૦-૨૪ | બુધવાર | ૐ કુબેરદેવ |
| ૨૪-૧૦-૨૪ | ગુરુવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૨૫-૧૦-૨૪ | શુક્રવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૬-૧૦-૨૪ | શનિવાર | ૐ ઈન્દ્રદેવ |
| ૨૭-૧૦-૨૪ | રવિવાર | ૐ ધનીતા |
| ૨૮-૧૦-૨૪ | સોમવાર | ૐ લક્ષ્મીકુબેર |
| ૨૯-૧૦-૨૪ | મંગળવાર | ૐ સિધ્ધિતા |
| ૩૦-૧૦-૨૪ | બુધવાર | ૐ રક્ષિતા |
| ૩૧-૧૦-૨૪ | ગુરુવાર | ૐ કાવીકા |
| ૦૧-૧૧-૨૪ | શુક્રવાર | ૐ ધનલક્ષ્મીદેવી |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | ૐ રાહુદેવ |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | ૐ સૂર્યદેવ |
| ૦૪-૧૧-૨૪ | સોમવાર | ૐ ગુરુદેવ |
| ૦૫-૧૧-૨૪ | મંગળવાર | ૐ વાજક્યાની |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૧૧-૨૪ | બુધવાર | ૐ બુધદેવ |
| ૦૭-૧૧-૨૪ | ગુરુવાર | ૐ શનિદેવ |
| ૦૮-૧૧-૨૪ | શુક્રવાર | ૐ મંગળદેવ |
| ૦૯-૧૧-૨૪ | શનિવાર | ૐ શુક્રદેવ |
| ૧૦-૧૧-૨૪ | રવિવાર | ૐ ચંદ્રદેવ |
| ૧૧-૧૧-૨૪ | સોમવાર | ૐ નાકોડા ભૈરવ |
| ૧૨-૧૧-૨૪ | મંગળવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૧૩-૧૧-૨૪ | બુધવાર | ૐ શનિતા |
| ૧૪-૧૧-૨૪ | ગુરુવાર | ૐ કાર્યતાવી |
| ૧૫-૧૧-૨૪ | શુક્રવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૧૬-૧૧-૨૪ | શનિવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૧૭-૧૧-૨૪ | રવિવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૧૮-૧૧-૨૪ | સોમવાર | ૐ વામલક્ષ્મીદેવી |
| ૧૯-૧૧-૨૪ | મંગળવાર | ૐ શક્તિસિદ્ધા |
| ૨૦-૧૧-૨૪ | બુધવાર | ૐ કાર્યસિદ્ધા |
| | | |


સંવત ૨૦૮૧(૨૦૨૪-૨૫) નું આખું વર્ષ સુખ-સમૃદ્ધિ અને ઉન્નતિસભર પસાર થાય એ માટે

## સટિક પ્રયોગ

આપનું આખું વર્ષ ખૂબ સમૃદ્ધિ અને ઉન્નતિભર્યું પસાર થાય એ માટે આસો સુદ પૂનમના પાવન દિવસે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા સિદ્ધ કરેલ ૐ શુભાંશુ ધનલક્ષ્મી ઊર્જાચક્ર ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ ઉપર ફોન કરીને નોંધાવી દેવું. આ ચક્ર આસો સુદ પૂનમથી બેસતાવર્ષ સુધી આપ પ્રાપ્ત કરી શકો છો. ખૂબ જ મર્યાદિત સંખ્યામાં આ યંત્ર ઉપલબ્ધ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નીચેના નંબર પર સંપર્ક કરી પોતાનું નામ લખાવી દેવું.

મોબાઇલ : 9429208997




॥ ૐ નમઃ ॥



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

## પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની મહાશક્તિ રક્ષાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોનું રક્ષણ આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવ્ય અવસર.

કાળીચૌદશની સાધનામાં જોડાવા માટેનો લાભ આપ પરિવારજનો સાથે લઈ શકો છો. આ સાધનામાં જોડાવા માટે મોબાઈલ નંબર: 9429208997 ઉપર પોતાનું નામ સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**
૩૦ - ૧૦ - ૨૦૨૪, બુધવાર

**શુભ સમય**
સાંજે ૪ થી ૬ કલાકે

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસનોંધ:**

1. કાળી ચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્ર ધારણ કરવા.
2. સાધનામાં બેસનાર ભક્તજનો માટે મહાપ્રસાદ (ભોજન)ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: 9429208997**

॥ ૐ નમઃ ॥

## પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી સી.એ.માં રેન્ક આવ્યો



નીકીતા સોમાઇ

મારી દીકરી નીકીતા સોમાઈને સી.એ.ની પરિક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક ૪૧મો આવ્યો. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને મહેનત કરીને આગળ વધો એ સૂત્ર મારી દીકરીએ અપનાવ્યું અને ૐકાર ચાલીસાનો પાઠ તેમજ મહેનત બંન્નેના સમન્વયથી તેણે અમારા કુટુંબનું અને મારું નામ રોશન કર્યું છે. મને અને મારા પરિવારને મારી દીકરી પર ખૂબ જ ગર્વ છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં દંડવત નમન....

લી. મનોજ સોમાઈ (અમદાવાદ)

**આપ પણ કોઇપણ પરીક્ષાની તૈયારી કરતા હોય તો ઉત્તમ પરિણામ માટે મહેનતની સાથે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર મહિને આપવામાં આવતો શૈક્ષણિક પ્રશ્નોના નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. તેમજ ૐકાર ચાલીસા લેખન અને પઠન નિત્ય કરો.**

## મારું અધૂરું કાર્ય પરિપૂર્ણ થયું

વર્ષોથી હું ભાડાના ઘરમાં મારા પરિવાર સાથે રહેતો હતો. ૨૦૧૮માં હું પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો. મારા જીવનનો એકમાત્ર સવાલ હતો કે મારું પોતાનું ઘર થઈ જાય. ૫૦ વર્ષનો થયો ત્યાં સુધી મેં ભાડાના જ ઘરમાં જીવન વ્યતિત કર્યું. પહેલા મારા માતા-પિતા સાથે ભાડાના ઘરમાં રહેતો હતો ત્યારબાદ મેં જ્યારે નોકરી કરવાનું શરૂ કર્યું ત્યારથી હું પણ ભાડાના ઘરમાં જ પત્ની અને બાળકો સાથે રહી રહ્યો હતો.

૨૦૧૮ માં પરમ પૂજ્ય ગુરુજીએ મને પહેલીવાર કહ્યું કે તારું પોતાનું ઘર થશે. તું ચિંતા ના કર. આ મંત્ર અનેૐકાર ચાલીસા તું કર. મેં મંત્ર-ૐકાર ચાલીસા અને ૐકાર સંકલ્પ સિદ્ધિ વ્રત કર્યું અને ત્યારબાદ ધીરે-ધીરે મારા જીવનમાં આકસ્મિક રીતે ધનયોગ પ્રબળ બનતા ગયા. મારી પત્નીને સારી નોકરી મળી ગઈ. મારી નોકરીમાં મને પ્રગતિ મળી. એ પ્રગતિના કારણે મને દુબઈ જવાની તક મળી અને ગુરુજીને મળ્યાના લગભગ છ મહિના બાદ હું દુબઈમાં હતો. દુબઈમાં નોકરીમાં અને સાથે-સાથે નાના મોટા બીજા આર્થિક કાર્યો કરીને અર્થઉપાર્જન થયું અને અમદાવાદમાં ત્રણ બેડરૂમ-હોલ-કીચનનું એક ઘર બોપલમાં લેવાઈ ગયું.

૨૦૨૪ માં જ્યારે આ અનુભવ મેં પરમ પૂજ્ય ગુરુજીને વોટ્સએપ દ્વારા મોકલ્યો છે ત્યારે હું કલ્પી નથી શકતો કે મારા જીવનમાં એક દિવસ મારું પોતાનું પણ ઘર થશે. એવું મેં આશા ચોક્કસ રાખી હતી પણ વિશ્વાસ ન હતો. આ વિશ્વાસ આ શક્તિ પરમ પૂજ્ય ગુરુજીના મંત્ર અને ૐકાર ચાલીસાથી પરિપૂર્ણ થઈ છે. હું દુબઈમાં રોજ ૐકાર ચાલીસા લેખન કરું છું. મારા જીવનમાં હવે આર્થિક ઉન્નતિ અને મારા સંતાનો માટે ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ થયું છે એનો યશ હું પરમ પૂજ્ય ગુરુજીને આપું છું. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.....

લી. પ્રશાંત પટેલ (દુબઈ)

**આપ પણ આપની આવી કોઇ ઇચ્છા પૂર્ણ કરવા માંગતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી રચિત ૐકાર ચાલીસા લેખન અને પઠન નિત્ય કરો. આપની ઇચ્છા ગુરુજીના આશીર્વાદથી અવશ્ય પૂર્ણ થશે.**

## શ્રી ચારધામ ચાલીસાથી બચાવ થયો

હું ચારધામની યાત્રા કરવા માટે ગઈ હતી. ચારધામ યાત્રાની મુસાફરી દરમ્યાન હું જ્યારે પર્વત પર જઈ રહી હતી ત્યારે અચાનક કોઈકનો ધક્કો લાગ્યો અને હું પછડાઈ ગઈ. બે મિનિટ માટે મારી અર્ધબેભાન જેવી અવસ્થા થઈ ગઈ. મારા પતિ અને સાથે આવેલ યાત્રિકો ચિંતામાં આવી ગયા, પરંતુ એ દરમ્યાન મારા મનમાં શ્રી ચારધામ ચાલીસા એવું ઉચ્ચારણ મને સંભળાઈ રહ્યું હતું. હું અનુભવ કરી રહી હતી કે હું સંપૂર્ણપણે બેભાન થઈ રહી છું. પરંતુ અચાનક ચારધામ ચાલીસા શબ્દ જોરથી મારા મનમાં સંભળાયો અને હું સફાળી બેઠી ગઈ ગઈ. ભાનમાં આવ્યા બાદ મને ખબર પડી કે હું દસ મિનિટથી અર્ધબેભાન અવસ્થામાં હતી.

ફક્ત શ્રી ચારધામ ચાલીસાના પઠનના કારણે ચારધામની યાત્રામાં આવેલ વિઘ્ન ટળી ગયું અને યાત્રા નિર્વિઘ્ને પરિપૂર્ણ થઈ. શ્રી ચારધામ ચાલીસાની ૫૦૦ નંગ પુસ્તિકા મેં યાત્રાએથી પરત આવ્યા બાદ ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ ઉપરથી મંગાવી અને વિતરણ કરી. પરમ પૂજ્ય ગુરુજીએ શ્રી ચારધામ ચાલીસા જેવી દિવ્ય કૃતિની રચના કરી ભક્તજનો પર દિવ્ય આશીર્વાદ વરસાવ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત નમન...

લી. દિવ્યાબેન (રાજકોટ)

**આપ પણ ચારધામની યાત્રા અથવા તો ઘરેબેઠાં ચારધામની યાત્રાનું પૂર્ણ ફળ મેળવવા ઇચ્છતા હોય તો ગુરુજી દ્વારા રચિત શ્રી ચારધામ ચાલીસા નિત્ય કરવી.**

# ધંધો કરવાની મારી ઇચ્છા પરિપૂર્ણ થઇ

મારું નામ હિતેન દેસાઇ છે. હું બેંગ્લોરમાં આઇ.ટી. કંપનીમાં જોબ કરતો હતો. છેલ્લા પંદર વર્ષથી મારો પોતાનો બિઝનેસ કરવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં મને કોઇ સફળતા મળતી ન હતી. એક દિવસ મારી જોડે જ આઇ.ટી. કંપનીમાં કામ કરતા મારા મિત્ર અંશુલે મને પરમ પૂજ્ય ગુરુજી સાથે વાત કરાવી હતી.

પરમ પૂજ્ય ગુરુજીએ વીડિયો કોલમાં મારી ઓરા જોઈ અને રાવલ્યદોષનું નિદાન કર્યું હતું. પરમ પૂજ્ય ગુરુજીએ કહેલા રાવલ્યદોષના બધાં જ મુદ્દા મને લાગુ પડતા હતાં. ત્યારબાદ ગુરુજીએ આપેલી સૂચના પ્રમાણે મેં રાવલ્યદોષનું નિવારણ પરમ પૂજ્ય ગુરુજીના કહેવા મુજબ કર્યું. જેના કારણે બે મહિનામાં ઓસ્ટ્રેલિયાની એક કંપનીએ મને મોટું કામ આપ્યું. ત્યારબાદ મેં પાછા વળીને જોયું નથી. આજે મારી કંપનીમાં વીસ કર્મચારીઓ કામ કરે છે. હું નોકરીમાંથી બિઝનેસ કરતો થઇ ગયો એનો મને ખૂબ જ આનંદ છે. પરમ પૂજ્ય ગુરુજીએ મારી ઈચ્છા પરિપૂર્ણ કરી. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.....

લી. હિતેન દેસાઇ (બેંગ્લોર)

**આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી મૂંઝાતા હોય તો એના નિવારણ માટે રોજ સદ્ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરવી અને જરૂર પડે તો ગુરુજીને ઓરા બતાવી યોગ્ય માર્ગદર્શન મેળવી આગળ વધવું.**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનનાં કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર બાંધી પોટલી કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ ગુલાબી કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

|| ૐ નમઃ ||



ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત

શુભ લાભ

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞ

મંત્રશક્તિના તેજોમય
ઉચ્ચારણ મધ્યે સંપૂર્ણ શાસ્ત્રોક્ત
વિધિવિધાનથી સજ્જ



## પાવન શુભ નિશ્રા

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**શક્તિશાળી મંત્રોના તેજોમય ઉચ્ચારણ, દાર્શનિક સ્વરૂપ, હોમ અને આહ્‌વાન દ્વારા ભૌતિક અને સાંસારિક તેમજ આધ્યાત્મિક કાર્યમાં દિવ્ય અને ચમત્કારિક પરિણામો આપનાર આ પાવન મહાયજ્ઞમાં જોડાઇ આ અમૂલ્ય અવસરનો લાભ આપ સૌ ભક્તજનોએ અવશ્ય લેવો.**

**પાવન શુભ દિવસ**

૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ - રવિવાર

**પાવન શુભ સમય**

સવારે ૮ થી ૧૧

**પાવન શુભ સ્થળ**

ૐકારધામ તીર્થ, પાનવા



|| ૐ નમઃ ||

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞથી થતા ફાયદા

- આકસ્મિક ધનવાન બનવાના યોગો પ્રબળ બને અને ધન વૈભવ વધ્યા જ કરે તેમજ ધન સ્થિર થાય.
- જીવનમાં ધારેલા આર્થિક કાર્યોની પૂર્ણાહૂતિ થાય અને પ્રતિષ્ઠામાં વધારો થાય.
- નજરટોક, બાહ્ય અવરોધ, શારીરિક કે માનસિક પીડા અને તકલીફોમાંથી મુક્તિ મળે.
- લગ્ન અવરોધ, સામાજિક અવરોધ, સંતાનપ્રાપ્તિમાં અવરોધ હોય તો તે કાર્ય સિદ્ધ થાય.
- મન સક્ષમ રાખે, દરેક કામમાં વિજય અપાવે અને શત્રુઓથી આપની રક્ષા થાય.
- કુટુંબમાં સંપ અને શાંતિ પ્રસ્થાપિત થાય તેમજ ધાર્મિક કાર્યો થાય.
- આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને દેવામાંથી મુક્તિ મળે.
- આપની ઓરામાં પ્રબળ સકારાત્મક ઊર્જા નિર્માણ થાય જેનાથી આપના ધાર્યા કામ સફળ થાય અને આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિ થાય જે આ મહાયજ્ઞનો મુખ્ય લાભ છે.

## ખાસ સૂચના

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : 9429208997** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

## संपर्कसूत्र

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)


**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**
સેવા સમર્પણ ફાઉન્ડેશન
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)
ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
(Trust Reg. No. E/20646/Ahmedabad)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(મો) 9429208997, 8758999297, 9376334289
Email ID : omkarsampraday@ gmail.com
Website : www.sadguruomrushi.org


ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

॥ ૐ નમઃ ॥

## જાહેર આમંત્રણ

### "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

### મંત્ર – દર્શન – ચમત્કાર

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૭ ઓકટોબર, ૨૦૨૪ - ગુરુવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**
Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**